રજૂ તારીખ : ૧૨/૦૮/૨૦૨૫
દાખલ તારીખ : ૧૨/૦૮/૨૦૨૫
નિકાલ તારીખ : ૧૩/૦૩/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ

આંક :

**ભાવનગર જિલ્લાના સત્ર ન્યાયાધીશની કોર્ટમાં, મુકામ : ભાવનગર.**

**<u>ફોજદારી અપીલ નં.૧૬૨/૨૦૨૫</u>**

**<u>અપીલવાળા :–</u>**

**જયુબીલી હોટેલ્સ પ્રા.લી. કંપની વતી તેના**
**મુખ્ય સંચાલક પંકજભાઇ ધીરજલાલ વારીઆ,**
ઉ.વ.આ.૭૨,
ઠે.જયુબીલી હોટલ,
પીલ ગાર્ડન પાછળ,
ભાવનગર.

**વિરૂધ્ધ**

**<u>સામાવાળા :–</u>**

**ભાવનગર મહાનગરપાલિકા,**
તે તેના કમિશનર મારફતે,
ઠે.મહાનગરપાલિકાની કચેરી,
ભાવનગર.

**બાબત : સ્પે.દી.દરખાસ્ત નં.૪૯/૨૦૧૫ ના કામે આંક ૫૮ થી રજૂ સી.આર.પી.સી.ની કલમ ૩૪૦ અન્વયે કરેલ અરજી હેઠળ થયેલ હુકમ તા.૨/૭/૨૦૨૫ વિરુધ્ધ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૧ અન્વયે અપીલ.**

**અપીલવાળા તરફે : જાતે**

**સામાવાળા તરફે : વિધ્વાન વકીલ શ્રી યુ.જે. ત્રીવેદી**

**-:: ચૂકાદો ::-**

૧. સ્પેશીયલ એકઝીકયુશન પીટીશન નં.૪૯/૨૦૧૫ ના કામે આંક ૧, ૫૫, ૫૮ તથા ૭૬ અંતર્ગત તા.૨/૭/૨૦૨૫ નાં રોજ ચોથા એડી. સિનિયર સિવિલ જજ, ભાવનગર ધ્વારા અરજદારે કરેલ આંક ૫૮ ની ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૯૩, ૧૯૫(એ), ૪૬૬ થી ૪૭૦ ના ગુના સંબંધિત અરજી કરવામાં આવેલ છે તેનાથી નારાજ થઇ હાલની અપીલ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૧ હેઠળ દાખલ કરવામાં આવેલ છે.

૨. એપેલન્ટ કે જેઓ પોતે જ પાર્ટી ઇન પર્સન તરીકે હાજર થયેલ છે તેઓએ એવી રજૂઆત કરેલ છે કે, મ્યુનીસીપલ અપીલ નં.૩૮/૧૯૯૯ ના કામે તા.૨૩/૧૧/૨૦૧૩ ના મહા લોક અદાલતના હુકમ મુજબ એવુ નકકી થયેલ કે બંને પક્ષકારોની સંમતિથી સામાવાળાએ ૧૯૯૯ નાં હુકમથી કરેલ રૂા.૧૨,૫૦૦/- ની આકારણી રદ ગણવી, પરંતુ સદરહુ લોક અદાલતમાં સંમતિથી હુકમ થયેલ હોવા છતાં વર્ષ ૧૯૯૮-૯૯ ની બેક ડેટથી વર્ષ ૨૦૧૨-૧૩ સુધીનાં હિસાબો સામાવાળાએ જાણી જોઇને રૂા.૧૨,૫૦૦/- ની રદ આકારણી મુજબ જ કરેલ છે તેમજ એપેલન્ટ ધ્વારા વર્ષ ૨૦૧૪ પછીની તમામ ટેકસની આકારણી વિવિધ અરજીઓ થકી ચેલેન્જ કરેલ હોવા છતાં તે અંગેનાં ખોટા હિસાબો ઉભા કરી કોર્ટ સમક્ષ રજૂ રાખેલ છે તેમજ સામાવાળા સમક્ષ એપેલન્ટ ધ્વારા તા.૧૪/૮/૨૦03 ના રોજ રૂા.૫૦,૦૦૦/- જમા કરાવેલ હોવા છતાં માત્ર રૂા.૪૩,૨૭૭/- જમા દેખાડે છે, તેવી જ રીતે તા.૯/૩/૨૦૦૪ ના રોજ રૂા.૫૨,૭૧૦/- જમા કરાવેલ હોવા છતાં તે રકમની કોઇ જ નોંધ હિસાબમાં દેખાડવામાં આવેલ ન હોય અને સામાવાળા ધ્વારા આકારણી બૂક, આકારણી રેકર્ડ અને ઇલેકટ્રોનીક રેકર્ડમાં ખોટી નોંધ કરી ખરૂ રેકર્ડ ગૂમ કે નાશ કરી ખોટા કથનોવાળા હિસાબી દસ્તાવેજો ઉભા કરી કંટેમ્પ્ટ ઓફ કોર્ટનું કાર્ય કરેલ છે અને તેઓએ

જયુડિશિયલ ડીસઓનેસ્ટી કરેલ હોય તેમની સામે યોગ્ય પગલાં ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ અને ૩૪૦ મુજબ લેવા માટે અરજી કરેલ, પરંતુ સદરહુ અરજીમાં **<u>''વિકૃત હુકમ કરેલ હોય''</u>** સદરહુ હુકમ રદ થવાપાત્ર છે, કારણકે નીચલી અદાલત ધ્વારા સદરહુ હુકમ કરતી વખતે **ઇકબાલસિંહ મારવા વિરુધ્ધ મીનાક્ષી મારવા**નાં ચૂકાદામાં સર્વોચ્ચ અદાલતે જે સિધ્ધાંત પ્રસ્થાપિત કર્યો તેની વિરુધ્ધ હુકમ કરેલ હોય તે રદ જવાપાત્ર છે. તેઓએ વિશેષમાં એવી રજૂઆત કરેલ છે કે, સામાવાળા ધ્વારા મનસ્વી રીતે ખોટા હિસાબી ચોપડાઓ ઉભા કરી એપેલન્ટને નુકસાન થાય તે પ્રમાણેની રજૂઆત નીચલી અદાલત સમક્ષ કરવામાં આવેલ હોવા છતાં સદરહુ હકીકતોને ધ્યાને લીધા સિવાય તા.૨/૭/૨૦૦૫ નો જે હુકમ કરેલ છે તે રદ થવાપાત્ર છે. તેઓએ તેમની દલીલનાં સમર્થનમાં **નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા એસ.એન.મુખર્જી વિરુધ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા ૧૯૯૦(૪) એસ.સી.સી. પેજ ૫૯૪** નાં ચૂકાદા ઉપર આધાર રાખી એવી રજૂઆત કરેલ છે કે નીચલી અદાલતનો હુકમ નોન સ્પીકીંગ હુકમ હોય તે રદ થવાપાત્ર છે.

૩. સામાવાળાના વિધ્વાન વકીલશ્રી ધ્વારા નીચલી અદાલત ધ્વારા જે હુકમ કરવામાં આવેલ છે તે કાયદેસરનો અને ન્યાયોચિત હોય અને કાયદાના સિધ્ધાંતો પર આધારિત હોય સદરહુ હુકમ વિકૃત છે તેમ કહી શકાય નહિ તેમજ નીચલી અદાલત ધ્વારા તા.૨/૭/૨૦૨૫ નો હુકમ કરવા માટે ૧૨ જેટલા પેજ લખેલ હોય સદરહુ હુકમ નોન સ્પીકીંગ છે તેમ કહી શકાય તેમ નથી, તેથી પણ અરજદારની હાલની અપીલ/અરજી રદ કરવી જોઇએ.

૪. બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીની દલીલો તથા ટ્રાયલ કોર્ટનો ચૂકાદો વંચાણે લેતા હાલની અપીલના નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થીત થાય છે.

૧. શું અપીલવાળા સાબિત કરે છે કે, ટ્રાયલ કોર્ટનો હુકમ ગેરકાયદેસર તેમજ કાનૂની જોગવાઇઓ વિરુધ્ધનો છે અને તેમાં હસ્તક્ષેપને પાત્ર છે?

૨. શું હુકમ ?

૫. ઉપરોકત મુદ્દા પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નં.૧ :-**

૬. મુખ્યત્વે હાલના એપેલન્ટની રજૂઆત એવી છે કે, મ્યુનીસીપલ કોર્પોરેશન કે તેના અધિકારીઓ ધ્વારા એપેલન્ટ વિરુધ્ધ ટેકસની લેણી નીકળતી રકમ બાબતે ખોટો હિસાબી ચોપડા અથવા ઇલેકટ્રોનીક આધારો રજૂ કરી અને જૂના ચોપડાઓનો નાશ કરવામાં આવેલ છે અને તેમ કરી એપેલન્ટ પાસેથી ખોટી રીતે ટેકસની વધુ આકારણી સંદર્ભે ખોટા દસ્તાવેજ ઉભા કરવામાં આવેલ છે. આ સંદર્ભે જો નીચલી અદાલતનો હુકમ ધ્યાને લેવામાં આવે તો નીચલી અદાલત ધ્વારા નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા સ્પેશીયલ સિવિલ એપ્લીકેશન નં.૧૬૮૬૪/૨૦૧૧ નાં ચૂકાદામાં જે હુકમ કરવામાં આવેલ છે તેના ઉપર આધાર રાખી એવુ તારણ આપવામાં આવેલ છે કે, દરખાસ્તદારની અપીલ ફકત તા.૩૧/૩/૧૯૯૭ ના રોજ થયેલ હુકમને રદ કરવા પુરતો જ અંશત: મંજૂર કરવામાં આવેલ છે અને સ્પેશીયલ સિવિલ એપ્લીકેશનમાં એવો પણ હુકમ કરવામાં આવેલ છે કે જો ત્યારબાદ પણ પક્ષકારો વચ્ચે કોઇ તકરાર રહી જતી હોય તો તે માટે ઉચિત ફોરમ સમક્ષ પક્ષકારોને જવાની છૂટ રહેશે. આમ, નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા સ્પેશીયલ સિવિલ એપ્લીકેશન નં.૧૬૮૬૪/૨૦૧૧ ના કામે દરખાસ્તદારની રીટ પીટીશન અંશત: જ મંજૂર કરવામાં આવેલ છે, નહિ કે દરખાસ્તદારે

ઉપરોકત રીટ પીટીશનમાં જે તમામ દાદ માંગેલ છે તે તમામ દાદ મંજૂર કરવામાં આવેલ હોય. આથી જો કોર્પોરેશન ધ્વારા જો ટેકસની આકારણી ત્યારપછી કરવામાં આવેલ હોય અને તે અંગે દરખાસ્તદારને જો કોઇ વાંધો હોય તો નામદાર ગુજરાત હાઇકોર્ટનાં ઉપરોકત હુકમ મુજબ તે યોગ્ય હકુમતવાળી અદાલતમાં તે અંગે કાર્યવાહી કરી શકે છે અને તેથી મ્યુનીસીપલ અપીલ નં.૩૮/૧૯૯૯ ના કામે દરખાસ્તદારે જે દાદ માંગેલ છે તે તમામ દાદ દરખાસ્તદારને નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા પણ આપવામાં આવેલ ન હોય દરખાસ્તદારની ઉપરોકત રજૂઆત ધ્યાને લઇ શકાય તેમ નથી. વિશેષમાં એ હકીકત નોંધવી જરૂરી છે કે, ઉપરોકત નામદાર ગુજરાત હાઇકોર્ટના હુકમની અમલવારી એકઝીકયુટીંગ કોર્ટે કઇ રીતે કરવાની છે તે બાબતે દરખાસ્તદારને લેખિત હુકમ કરી સ્પષ્ટતા કરવા માટે સૂચન કરવામાં આવેલ હોવા છતાં દરખાસ્તદારે નીચલી અદાલતે તા.૨/૭/૨૦૨૫ નો જે હુકમ કર્યો તે પહેલા સુધી કોઇ સ્પષ્ટતા કરેલાનું રેકર્ડ પરથી જણાઇ આવતું નથી. આમ, સામાવાળા કોર્પોરેશન ધ્વારા અદાલતની ડીક્રીનું પાલન ન કરેલ હોય અથવા તે કંટેમ્પ્ટ ઓફ કોર્ટનું કાર્ય કરેલ હોય અથવા તો તેમની સામે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૦ અન્વયે કાર્યવાહી કરવાની થતી હોય તેવુ પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવતું ન હોય હું નીચલી અદાલતનાં તા.૨/૭/૨૦૨૫ નાં હુકમમાં હસ્તક્ષેપ કરવો ન્યાયોચિત સમજતો નથી.

૭. વિશેષમાં એ હકીકત નોંધવી જરૂરી છે કે, હાલના એપેલન્ટ વિવિધ કોર્ટ અને કવોશી જયુડિશિયલ ઓથોરીટી વિરુધ્ધ પાયાવિહોણા આરોપ કરવા માટે જાણીતા છે. અત્રેની કોર્ટ સમક્ષ પણ તેઓએ વિધ્વાન ચોથા અધીક સિનિયર સિવિલ જજ, ભાવનગરનો હુકમ વિકૃત હોવાની રજૂઆત કરેલ છે, તે સંદર્ભે તેઓને વિશેષપણે અત્રેની કોર્ટ ધ્વારા યોગ્ય શબ્દોનો ઉપયોગ કરવા માટે

જણાવવામાં આવેલ તેમ છતાં તેઓ ધ્વારા અત્રેની કોર્ટ સમક્ષ વિધ્વાન ચોથા અધીક સિનિયર સિવિલ જજ, ભાવનગરનો હુકમ નોન સ્પીકીંગ ઓર્ડર કરેલ છે તેવી દલીલ કરેલ છે અને તે સંદર્ભે તેઓએ એસ.એન.મુખર્જી (સુપ્રા) નાં ચૂકાદા ઉપર આધાર રાખેલ છે. હવે જો તેઓને નીચલી અદાલતનો નોન સ્પીકીંગ ઓર્ડરની દલીલને ધ્યાને લેવામાં આવે તો નીચલી અદાલત ધ્વારા સ્પષ્ટ કારણો જણાવી ૧૨ જેટલા પેજીસમાં વિગતવાર તારણો આપ્યા છે તેથી તેને નોન સ્પીકીંગ ઓર્ડર કહી શકાય નહિ. આમ, નીચલી અદાલતના હુકમમાં નોન સ્પીકીંગ ઓર્ડર છે તેવુ કહી શકાય તેમ નથી અને તે કારણસર પણ એપેલન્ટના વિધ્વાન વકીલશ્રી ધ્વારા એસ.એન.મુખર્જી (સુપ્રા) નાં કેસ પર જે આધાર રાખવામાં આવેલ છે તે ધ્યાને લઈ શકાય તેમ નથી.

૮. અત્રેની કોર્ટ ધ્વારા એપેલન્ટની, વિવિધ અદાલતો અને કવાસી જયુડિશિયલ ઓથોરીટી વિરુધ્ધ રજૂઆત કરવાની વૃત્તિ તેમજ તેઓની દલીલ દરમ્યાન જયુડિશિયલ ઓફીસર અને કમિશનર રેન્કનાં ઓફીસર વિરુધ્ધ **"વિકૃત"** હુકમ કે **"નોન સ્પીકીંગ ઓર્ડર"** કરેલ છે તેવા શબ્દપ્રયોગ વારંવાર કરવામાં આવતો હોય એપેલન્ટને એક આખરી સુધરવાની તક આપવાના હેતુસર એક ચેતવણી આપી કોસ્ટનો હુકમ હાલના તબકકે નહિ કરતા ફરીથી એપેલન્ટને આવી ભૂલ ન કરે તેવુ નોંધી કોસ્ટનો હુકમ હાલ પુરતો કરવામાં આવતો નથી.

૯. જયાં સુધી એપેલન્ટના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ઇકબાલસિંહ મારવા (સુપ્રા) નાં ચૂકાદા ઉપર આધાર રાખેલ છે અને તેના આધારે હાલની અપીલ મંજૂર કરવાની રજૂઆત કરેલ છે તે સંદર્ભે એ નોંધવું જરૂરી છે કે નીચલી અદાલત ધ્વારા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૩૪૦ ને જ પ્રાવધાન આપી કેસનું નિરાકરણ કરેલ છે અને તે કારણસર પણ ઇકબાલસિંહ મારવા (સુપ્રા) નાં ચૂકાદાના આધારે નીચલી અદાલતના હુકમમાં હસ્તક્ષેપ કરવો ન્યાયોચિત

જણાઈ આવતો નથી. આમ, ઉપરોકત ચર્ચાના આધારે **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી મુદ્દા નં.૨ સંબંધે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

૧. અપીલવાળાની હાલની અપીલ **નામંજૂર** કરવામાં આવે છે.

૨. ભાવનગરના વિધ્વાન ચોથા અધીક સિનિયર સિવિલ જજ ધ્વારા સ્પે.દી.દરખાસ્ત નં.૪૯/૨૦૧૫ ના કામે તા.૨/૭/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

૩. ખર્ચ અંગે બીજો કોઈ હુકમ નથી.

૪. આ ચૂકાદાની પ્રમાણિત નકલ ટ્રાયલ કોર્ટને મોકલી આપવી.

:: હુકમ આજ તા.૧૩ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૧૩/૦૩/૨૦૨૬

**(એચ.એસ.મુલીયા)**
સત્ર ન્યાયાધીશ,
ભાવનગર.
કોડ નં.જીજે૦૦૯૧૫

-yatin